# ઓગણીસમી સદીનું ઓછું જાણીતું સાહિત્ય



**આ પુસ્તકમાં અજ્ઞાત લેખકોને બાદ કરતાં ત્રીજા ભાગમાં 16 જેટલા પારસી લેખકો છે**



સાહિત્ય વિશેષ

રઘુવીર ચૌધરી

દીપક મહેતાએ 'માતૃવંદના' પુસ્તકનું સંપાદન કર્યું. એની અનેક આવૃત્તિઓ થઈ. પછી તો ગુજરાતી ભાષામાં આવા સંકલનો અનેક સંપાદનો થયાં. દીપક મહેતા અનુવાદક, સંપાદક અને વિવેચક તરીકે સતત સક્રિય રહ્યા છે. ઓગણીસમી સદીના ગુજરાતી સાહિત્યના સંશોધક તરીકે કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો શોધી એમનો પરિચય આપ્યો છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોની મદદથી પ્રવચનો આપ્યાં છે. એ માટે જરૂરી ટેક્નિક એ જાણે છે. સ્પષ્ટતા એમનો મુખ્ય ગુણ છે.

દિલ્હીની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીએ તાજેતરમાં એમનું મૂલ્યવાન પુસ્તક પ્રગટ કર્યું છે : 'ઓગણીસમી સદીનું અલ્પખ્યાત ગુજરાતી સાહિત્ય.' આ સંચય છે. આમાં લેખકોના ટૂંકા પરિચય સાથે એમની કૃતિઓ આપી છે. એની સંખ્યા 51 જેટલી થાય છે.

જે વિખ્યાત લેખકોનો અહીં સમાવેશ કર્યો નથી એ છે, દલપતરામ, નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, કાન્ત, રમણભાઈ નીલકંઠ. એમની રચનાઓ દાયકાઓથી વિદ્યાર્થીઓ ભણે છે, પણ ઓછા જાણીતા લેખકો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, વધુ અભ્યાસ માટે પ્રેરે છે. કેમ કે આ જાગૃતિનો સમય છે. એને વિવેચકો પ્રબોધકાળ કહે છે. દીપકભાઈ લખે છે : સુધારયુગના સાત અંશો છે : 1. મુદ્રણકળા, 2. તેને પરિણામે શક્ય બનેલાં મુદ્રિત પુસ્તકો, અખબારો અને સામયિકો 3. મુદ્રિત પુસ્તકોને લીધે શક્ય બનેલ બ્રિટિશ પદ્ધતિનું શિક્ષણ 4. મુદ્રણને પરિણામે શક્ય બનેલ લેખનના માધ્યમ તરીકે ગદ્યની પ્રતિષ્ઠા 5. આ બધાના સાથથી શરૂ થયેલ સમાજ સુધારા માટેની ચળવળ. 6. નવા શિક્ષણને પરિણામે અંગ્રેજી સાહિત્યમાં પ્રેરણા અને પ્રભાવ. 7, પરદેશોના પ્રવાસ. તેને કારણે થયેલ નવી દુનિયાનો પરિચય.

આ પુસ્તકમાં થોડાક અજ્ઞાત લેખકોને બાદ કરતાં લગભગ ત્રીજા ભાગમાં 16 જેટલા પારસી લેખકો છે. છેલ્લે હાજી સુલેમાન શાહમહંમદના પ્રવાસ વર્ણનનો અંશ આપ્યો છે : 'ફ્લોરેન્સ : ફૂલોનું શહેર' આરંભ આકર્ષક છે. 'ફ્લોરેન્સને 'ફૂલોનું શહેર અને શહેરોનું ફૂલ' કહે છે. આર્નો નામની નાનકડી નદીના બંને કાંઠાઓ ઉપર આ ફૂલશહેર વસેલું છે.'

લેખકનો પરિચય પણ ધ્યાન ખેંચે છે : 'મક્કા શરીફ ખાતેની મારી હજે મને બીજી હજ માટે સજ્જ કીધો. તે પરમેશ્વરને પિછાણવા અને તેની મોટાઈ જોવા માટેની હજ હતી.' આ બીજી હજ તે પૃથ્વીની પ્રદક્ષિણા. આ સચિત્ર પુસ્તક 1895માં પ્રગટ થયેલું. (પૃ. 209)

અહીં આપેલી પદ્યરચનાઓમાં ક્યાંક ચમકારા છે. મનોહર સ્વામીના બીજા પદમાં 'અર્જુન સાથે બોલ્યા હરિ'નો આઠમો અંતરો છે :

**સર્વલોક છે સમાન માહારે કોઈ નથી**
**પારકું પોતાનું રે,**
**સર્વ ભાણો ઈશ વ્યાપક છઉં એક રે નથી**
**કહેતો છાનું રે! (પૃ. 3)**

ભાવનગરના દીવાન મગાભાઈ મનોહરસ્વામીને ગુરુ માનતા હતા. 'કાનજી ધર્મસિંહની તોટક છંદમાં રચના 'માતુની મહાત્મ્ય' રસપ્રદ છે. જમશેદજી નસરવાનજી પીતીત (1856-1888) અંગ્રેજી અને ગુજરાતીના અભ્યાસી હતા. એમની રચના 'માહરી માશુક'નો છેલ્લો અંતરો જોઈએ :

**પવિત્ર છે થયેલું આ સામેનું ઘાસ,**
**કારણ તાહરા નાજુક ને સોહામણા પગ.**
**સુખી થઈને ઊભી છે**
**તે ગુલમહોરી ડાહલ**
**જે સાથે કાલે તું**
**અથડીને ગઈ. (પૃ. 13)**

બહેરામજી મહેરવાનજી મલબારી (1853-1912)ની પંક્તિ 'સગાં દીઠાં મેં શાહ આલમનાં, ભીખ માગતાં શેરીએ' આજે પણ લોકજીભે છે. મલબારી મેટ્રિકમાં ચોથા પ્રયત્ને પાસ થયેલાં, પણ શુદ્ધ ગુજરાતી લખતા. અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો છે. 'ઇતિહાસની આરસી' ત્રણ પૃષ્ઠની દીર્ઘ રચના છે. એનો પહેલો અંતરો જોઈએ :

**રાજા રાણી અક્કડ શેના? વિસાત શી**
**તમ રાજ્ય તણી?**
**કઈ સત્તા પર ફૂદકા મારો? લાખ કોટિના**
**ભલે ધણી.**
**લાખ તો મૂઠી રાખ બરાબર, કોણ છોડશે**
**સરવાળો,**
**સત્તા સૂકી ઘાસ બરાબર, બળી**
**આસમાને બાળે.**
**ચક્રવર્તિ મહારાજ ચાલિયા, કાળચક્રની**
**ફેરીએ,**
**સગાં દીઠાં મેં શાહ આલમનાં, ભીખ**
**માગતા શેરીએ (ટેક) 1.**

'ફૂટપાથ'માં દરિદ્ર થઈ ગયેલા રાજવંશી માણસો વિશે નોંધ છે. અહીં કેટલાક નાટકોના અંશો પણ આપ્યા છે. અહીં સંપાદકે 'પ્રેમરાય અને ચારુમતિ' નાટકનો અંશ આપ્યો છે. પ્રસ્તાવનામાં સંપાદકે 'ગુલાબ' નાટકને પહેલું મૌલિક મુક્તિ નાટક ગણાવ્યું છે. એમાં લેખકે પુખ્ત વયના નાયક-નાયિકાનાં પ્રેમલગ્નનો પુરસ્કાર કર્યો છે.

પુસ્તકને અંતે આપેલી સૂચિ પણ નમૂનારૂપ છે. પૃષ્ઠ 220. મૂલ્ય રૂ. 280. ■